
# સ્માર્ટ લાઈટ્સનો કરો સ્માર્ટ ઉપયોગ


વૈવિધ્ય

છેલ્લાં કેટલાંક વર્ષોમાં સ્માર્ટ હોમ ટેકનોલોજીએ હરણફાળ કૂદકે ને ભૂસકે પ્રગતિ કરી છે. સ્માર્ટ હોમ ટેકનોલોજી અગાઉ આપણા માટે જાણે એક ચમત્કાર જેવું હતું પરંતુ આજે તે ઘણાં ઘરોનું અભિન્ન અંગ બની ગયાં છે. સ્માર્ટ સ્વીચોનો ઉપયોગ ઘરમાં સર્જનાત્મક રીતે કરી શકાય છે જેથી કામ કરવામાં તે અનુકૂળ રહે છે અને તે કાર્ય વધુ સરળ બનાવે છે. સ્માર્ટ હોમ્સ ટેકનોલોજીનો સૌથી વધારે ઉપયોગ સ્માર્ટ લાઈટ્સમાં કરવામાં આવે છે. આજે આપણે સ્માર્ટ લાઈટ્સનો કેટલી કેટલી સર્જનાત્મક રીતે ઉપયોગ કરી શકાય તે વિશે જાણીશું જેથી સ્માર્ટ લાઈટ્સની તમારા ઘરમાં જરૂર છે કે ક્યાં વાપરી શકાય તે ખ્યાલ આવશે.



## લાઈટ્સ ઓન-ઓફ કરવાનો પ્રોગ્રામ સેટ કરી શકાય

આ વાત તો જાણીતી છે કે સ્માર્ટ લાઈટ્સમાં તેને ઓન-ઓફ કરવાનો પ્રોગ્રામ તમારા મોબાઈલથી સેટ કરી શકાય છે અને તેના આ ફીચરનો તમે ઘણી બધી સર્જનાત્મક રીતે ઉપયોગ કરી શકો છો. સવારના સમયમાં જો તમારા ઘરમાં સૂર્યપ્રકાશ આવતો ન હોય તો સવારે જે સમયે તમને જરૂર હોય તે પ્રમાણે લાઈટ્સ ઓન કરવાનો પ્રોગ્રામ સેટ કરી શકાય છે. તેમાં લાઈટ્સ ધીમે ધીમે તેજસ્વી પ્રકાશ આપે છે જે સૂર્યપ્રકાશ જેવી અનુભૂતિ કરાવે છે. જો તમે બહાર કામ માટે જતાં હો અને રાત્રે



અંધારિયા ઘરમાં પ્રવેશ કરવાનું પસંદ નથી કરતાં તો ઘરનું પ્રવેશદ્વાર ખોલતાં જ લાઈટ્સ ઓન થઈ જાય તેવો પ્રોગ્રામ પણ સેટ કરી શકાય છે અથવા તો તમે ઘરમાં પ્રવેશતાં પહેલાં જ ફોનથી પણ લાઈટ્સ ઓન કરી શકો છો. આ સિવાય, સૂર્યાસ્ત થાય ત્યારે ઘરમાં જ્યારે પણ લાઈટ્સ ઓન કરવાની જરૂર હોય ત્યારે તમારે ઊભા થઈને લાઈટ્સ ઓન ન કરવી પડે એ રીતે તમે તેને ઓન કરવાનો પ્રોગ્રામ સેટ કરી શકો છો.

## વિઝ્યુઅલ રીમાઈન્ડર્સ તરીકે ઉપયોગ કરી શકાય

અમુક કાર્યો જે તમારે ચોક્કસ સમયે જ પૂરાં કરવાનાં હોય કે અમુક સમયગાળામાં જ પૂરાં કરવાનાં હોય તો તેના માટે તમે સ્માર્ટ લાઈટ્સનો રીમાઈન્ડર તરીકે ઉપયોગ કરી શકો છો. IFTTT [if this, then that ] એ એક ઓનલાઈન સેવા છે જે ઓટોમેશનની દુનિયામાં મદદ કરતી એપ તરીકે કામ કરે છે. આ એપમાં સ્માર્ટ લાઈટ્સ માટે પણ એક આખો વિભાગ છે તેને તમે તમારી લાઈટ્સને અન્ય ઉપકરણો સાથે કનેક્ટ કરવા માટે કસ્ટમાઈઝ કરી શકો છો. એટલે કે જ્યારે પણ તમારું સ્માર્ટ વોશિંગ મશીન, કોફી મેકર અથવા ઓવન તેનું કાર્ય પૂરું કરે છે ત્યારે તમારી લાઈટ ફ્લેશ થાય છે અને તમને જાણ કરી શકે છે. આનાથી તમારું મશીન, કાર્ય અને સમય પણ બગડતાં નથી અને તમે દરેક કાર્ય સચોટ રીતે પૂરું કરી શકો છો.

## સ્માર્ટ લાઈટ્સને મ્યુઝિક સાથે જોડી શકાય

સ્માર્ટ લાઈટ્સનો ઉપયોગ ફક્ત ઓન અને ઓફ કરવા પૂરતો સીમિત નથી. રૂમની સુંદરતા વધારવા અને માહોલ બનાવવા માટે પણ કરી શકાય છે. આના માટે સ્માર્ટ લાઈટ્સની RGB શ્રેણી પસંદ કરો જે પળભરની સૂચના પર રૂમના માહોલને પાર્ટીના માહોલમાં બદલી શકે છે. તમે જે સંગીત વગાડી રહ્યાં છો તેની સાથે તમારી લાઈટ્સને કનેક્ટ કરી શકાય છે જેથી લાઈટ્સ અને સંગીતનો આકર્ષક અનુભવ મળે છે. આના માટે ઇનબિલ્ટ માઈક્રોફોન હોય તેવી સ્માર્ટ લાઈટ પસંદ કરી શકાય અથવા સ્માર્ટ લાઈટને તમારા ફોનની મ્યુઝિક એપ સાથે કનેક્ટ કરી શકાય. તમારા મ્યુઝિક સાથે, મૂડ પ્રમાણે સ્માર્ટ લાઈટ્સનો ઉપયોગ પાર્ટી લવર્સ માટે પ્રિય થઈ પડે છે અને ગેસ્ટ માટે તે આકર્ષક અને ક્રિયેટીવ બની રહે છે.

## તમારા ટીવી કે મોનિટરની પાછળ RGB લાઈટ્સ લગાવી શકાય

જે લોકોને રીએક્ટીવ એમ્બીયન્ટ લાઈટીંગ પસંદ છે તેઓ તેમના ટેલિવિઝન અને ગેમિંગ મોનીટર સાથે સિંક કરી શકાય તેવી ટેકનોલોજીનો ઉપયોગ કરે છે કે જે પરિસ્થિતિને અનુરૂપ RGB લાઈટ્સ ચેન્જ કરે છે. આમ કરવા માટે HDMI સિંક બોક્સ, સ્પેશ્યલ કેમેરા અથવા અમુક એપ્લીકેશનનો ઉપયોગ કરવો પડે છે. તે કલર ડેટા પ્રમાણે તમારી પસંદગીની લાઈટીંગ ઊભી કરે છે. સામાન્ય રીતે , આ લાઈટ્સ LED સ્ટ્રીપ્સ અથવા બેકલાઈટ કીટ્સના સ્વરૂપમાં આવે છે જે ટીવી કે ગેમિંગ મોનીટરની પાછળ જોડી શકાય છે અને તમને તે આંખમાં વધુ લાગતી પણ નથી. આ રીતે સતત બદલાતી એમ્બીયન્ટ લાઈટીંગનો આનંદ લઈ શકાય છે. જો કે આમાં પૂરી શક્યતા છે કે સતત બદલાતી લાઈટ્સ તમને ખલેલ પહોંચાડે. આનો એક ઉપાય એ છે કે તમે તમારા ટીવી કે મોનીટરની પાછળ સ્માર્ટ LED સ્ટ્રીપ મૂકી શકો છો. જેમાં તમે એક ચોક્કસ રંગ પસંદ કરો છો અને તમે જે જોઈ રહ્યાં છો તે મીડિયાના રંગને વળગી રહે છે.

## ઘરની સુરક્ષા કરવામાં ઉપયોગ કરી શકાય

ઘરથી દૂર લાંબા સમય માટે વેકેશન માટે ગયા હો ત્યારે ઘરમાં ચોરી થઈ જશે તેવો ડર મોટાભાગે સતાવતો હોય છે. તો હવે સ્માર્ટ લાઈટ્સ તમારા ઘરની રક્ષા કરશે જો એમ કહીએ તો કંઈ ખોટું નથી! તમારા ફોનથી ઘરના અલગ અલગ રૂમની સ્માર્ટ લાઈટ્સ જરૂર પડે ત્યારે ઓન કે ઓફ કરીને ગેરસમજ ઊભી કરી શકાય છે કે ઘરમાં ખરેખર કોઈ રહે છે. એટલે લાંબું વેકેશન પણ તમે કોઈ પણ જાતની ફિકર વગર ગાળી શકો છો. સ્માર્ટ લાઈટ્સ માટે તમે વેકેશન મોડ પ્રોગ્રામ પણ સેટ કરી શકો છો કે જે ઓન કરતાં જાતે જ ઘરની લાઈટ્સ ઓન અને ઓફ થઈ જાય છે.

## ઉપયોગ અને જરૂરિયાત પ્રમાણે લાઈટ્સનું ગ્રુપ બનાવો

ક્યારેક એક જ રૂમમાં અલગ અલગ લાઈટ્સ કરવાનું કંટાળાજનક બની જાય છે. તેના માટે તમારી જરૂરિયાત અને તે રૂમના ઉપયોગ પ્રમાણે સ્માર્ટ લાઈટ્સના ગ્રુપ બનાવી તે પ્રમાણે પ્રોગ્રામ સેટ કરી શકાય છે જેથી ફોન એપમાં એક જ વારની ક્લિકમાં જેતે રૂમની લાઈટ ઓન કે ઓફ કરી શકાય. તેનાથી તમારું કામ સરળ અને ઝડપી બની જાય છે.

## મોશન સેન્સીંગ સ્માર્ટ લાઈટ્સનો ઉપયોગ કરી શકાય

સ્માર્ટ લાઈટ્સનો વધુ સરળ રીતે ઉપયોગ કરવો હોય તો મોશન સેન્સીંગ ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય. તમે જેવા ઘરમાં પ્રવેશ કરો તેવું જ તમારા મોશનને સેન્સ કરીને ઓટોમેટીકલી લાઈટ્સ ઓન થઈ જાય છે અને તમારા ગયા પછી તે જાતે જ ઓફ પણ થઈ જાય છે. લાઈટ્સની બ્રાઈટનેસ કે ડીમનેસ પસંદ કરેલા સેટિંગ પ્રમાણે રહે છે. આમ, રાત અને દિવસ પ્રમાણે કે પછી જરૂરિયાત પ્રમાણે લાઈટ્સનો પ્રકાશ ઓછો કે વધારે રાખી શકાય છે. માની લો કે તમે રાત્રે બાથરૂમ જવા ઊભા થાઓ છો ત્યારે તમારે જાતે લાઈટ્સ ઓન કરવામાં મુશ્કેલી પડી શકે છે પરંતુ, મોશન સેન્સીંગ લાઈટ્સ જાતે જ ઓન થઈ જશે તમારા કોઈ પણ જાતના પ્રયાસ વગર! મોશન સેન્સીંગ લાઈટ્સ સમજીવિચારીને યોગ્ય જગ્યાએ રાખવાથી તેનો ઘણો ફાયદો મેળવી શકાય છે. જેમ કે કોઈ પણ અનિચ્છિત વ્યક્તિ કે ચોર આવે તો લાઈટ્સ ઓન થતાં તે ગભરાઈને ભાગી જાય છે.

## ઇન્ડોર ગાર્ડન માટે લાવો સ્માર્ટ ગ્રો લાઈટ્સ

ઈન્ડોર ગાર્ડનના પ્લાન્ટ્સને પણ સૂર્યપ્રકાશની જરૂર પડે છે. જો તમે તેમને એવા રૂમમાં રાખ્યા હોય જ્યાં સૂર્યપ્રકાશ ઓછો આવતો હોય તો સ્માર્ટ ગ્રો લાઈટ્સ તેમને સૂર્યપ્રકાશની ગરજ પૂરી પાડે છે. છોડને વિકસવા માટે અને પ્રકાશસંશ્લેષણ [ફોટોસિન્થેસિસ] ની પ્રક્રિયા કરવા માટે સૂર્યપ્રકાશની જરૂર હોય છે જે સ્માર્ટ ગ્રો લાઈટ્સ પૂરી પાડે છે. છોડને સૂર્યપ્રકાશની ક્યારે અને કેટલી જરૂર છે અને છોડના વિકાસના આધારે તમારા સ્માર્ટફોન દ્વારા તે સેટિંગ કરી શકાય છે. વધુ પડતી લાઈટ્સ છોડને મારી નાખે છે. આમ, જરૂરિયાત પ્રમાણે સ્માર્ટ ગ્રો લાઈટ્સનો ઉપયોગ કરવાથી ઈન્ડોર ગાર્ડનના શોખીનોને ઘણી મદદ મળી રહે છે.

